# અહેવાલ લેખન

## વિષય- 26 મી જાન્યુઆરી ગણતંત્ર દિનની

તારીખ :26/1/2024

કિસાન માધ્યમિક વિદ્યાલયમાં 76 મા ગણતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના દરેક વિદ્યાર્થી ભાઈ બહેનો તેમજ શિક્ષકો તથા બિન શૈક્ષણિક સ્ટાફગણ પણ હાજર રહ્યો હતો.તે નિમિતે શાળાના ભુતપુર્વ વિદ્યાર્થી ડૉ.રાજ યુ. શાહ ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતુ ત્યારબાદ તેમણે પોતાના ઉદબોધનમાં વિદ્યાર્થીઓને રાષ્ટ્રની સેવાના ભાગરૂપે સ્વછતા વિશે માર્ગદર્શન આપ્યું અને વિદ્યાર્થીઓ જીવનમાં ખુબ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.શાળાના વિદ્યાર્થીઓએ દેશભકતિ ગીતો અને પોતાના વક્તવ્યો રજુ કર્યા હતા આ પ્રસંગના અતે શાળાના આચાર્યશ્રીએ પણ 76 મા ગણતંત્ર દિન વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતુ.આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી અને શિક્ષકગણે ઓકેસી સંકુલ તરફથી મુખ્ય અતિથિને ખુબ ખુબ આભાર વ્યકત કર્યો હતો.



Edit with WPS Office



Edit with WPS Office